**<u>મુદ્દા નં.૧૧ :– તમામ યોજનાઓની વિગતો, થયેલ ખર્ચ અને ફાળવાયેલ બજેટ :–</u>**

**<u>The Budget allocated to each of its agencies, indicating the particulers of all plans, proposed expenditure and reports on disbursements made :-</u>**

## બી.આર.ટી.એસ. (બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ) એટલે શું ?

જાહેર પરિવહનનાં ક્ષેત્રે સુરત બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ (બી.આર.ટી.એસ.) એ સુરત મહાનગરપાલિકાની એક અતિ આધુનિક પહેલ છે. જેનાં ધ્વારા સુરતનાં નગરજનોને એક ખૂબ જ ઝડપી, સુરક્ષિત, પ્રદૂષણમુકત, ભરોસાપાત્ર અને કાર્યક્ષમ જાહેર પરિવહનની સેવા પૂરી પાડી શકાશે. જેનાં આયોજનમાં હયાત ટ્રાફિક પેટર્ન, ટ્રાફિક ડેન્સીટી, લેન્ડ યુઝ પેટર્ન વિગેરેની પ્રવર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની માંગને ધ્યાને રાખી, સચોટ સર્વેક્ષણ અને અભ્યાસનાં અંતે સુરત–બી.આર.ટી.એસ. ની ડિઝાઈન તૈયાર કરવામાં આવેલ છે અને પ્રથમ તબકકામાં ઉધના દરવાજાથી સચીન આર.ઓ.બી. સુધીનાં તેમજ ડુમસ રીસોર્ટ કલ્બથી સરથાણા જકાતનાકા સુધીનાં બે રસ્તાઓને બી.આર.ટી. કોરીડોર તરીકે વિકસાવવાનું આયોજન છે.

## બી.આર.ટી. સીસ્ટમનાં ફાયદા :–

(૧) બસમાં ચડવા–ઉતરવા માટે પ્લેટફોર્મ લેવલ, બસનાં ફલોર લેવલ મુજબ રાખવામાં આવશે, જેથી મુસાફરો ઝડપથી અને આસાનીથી બસમાં ચડી–ઉતરી શકે.

(૨) સલામત, કિફાયતી અને આરામદાયક પરિવહન સેવા

(૩) ઝડપી અને ભરોસાપાત્ર જાહેર પરિવહન સેવા

(૪) જાહેર પરિવહનનાં લીધે હવાનાં પ્રદૂષણમાં ઘટાડો થવાથી પર્યાવરણની ગુણવત્તામાં સુધારો થશે.

(૫) અલાયદી લેનનાં આયોજનથી અકસ્માતોમાં ઘટાડો થશે અને ઝડપી સેવા પૂરી પાડી શકાશે.

(૬) પ્રાઈવેટ વાહનોની સંખ્યામાં ઘટાડો કરી શકાશે.

(૭) અલગ સાયકલ ટ્રેક હોવાથી સાયકલના વપરાશને ઉત્તેજન મળશે.

(૮) IT આધારિત કાર્યક્ષમ પ્રણાલી

(૯) સુવિધાજનક ટર્મીનલ – એક ટ્રાન્સપોર્ટ મોડમાંથી બીજા મોડમાં સરળ ઈન્ટર ચેઈન્જ સુવિધા

## બી.આર.ટી.એસ. પ્રોજેકટની વિગત :–

**JNNURM (જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન) સ્કીમ હેઠળ સુરત–BRTS પ્રોજેકટ (Phase-I) ની મંજુર થયેલ વિગતની રૂપરેખા :-**

**(A) કન્સલટન્ટ :– CEPT, અમદાવાદ**

**(B) અંદાજીત પ્રોજેકટની રકમ :– રૂા.૪૬૯.૦૨ કરોડ**

**(C) ફંડ પેટર્ન :– કેન્દ્ર સરકાર (૫૦%) :– રૂા.૨૩૪.૫૧ કરોડ**

**રાજય સરકાર (૨૦%) :– રૂા. ૯૩.૮૦ કરોડ**

**સુરત મહાનગરપાલિકા (૩૦%) :– રૂા.૧૪૦.૭૦ કરોડ**

**(D) બી.આર.ટી.એસ. કોરીડોરની કુલ લંબાઈ :– ૩૦.૦૦ કિ.મી.**

**સદભાવના મિશન અંતર્ગત સુરત–BRTS પ્રોજેકટ (Phase-II) માટે રાજય સરકાર તરફથી આવનારા ત્રણ ફાઈનાન્સીયલ વર્ષો માટે કુલ રૂા.૧૦૦૦/– કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.**

**(A)** સદભાવના મિશન અંતર્ગત બી.આર.ટી.એસ. ફેઝ–ર અન્વયે સુરત શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ મુખ્ય રસ્તાઓને BRTS ROUTE તરીકે વિકસાવવાનાં કામે કન્સલટન્ટ તરીકે CEPT, અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ છે.

બી.આર.ટી.એસ. કોરીડોરની કુલ લંબાઈ :– ૭૦ કિ.મી.

**(B)** સદભાવના મિશન અંતર્ગત સુરત–બી.આર.ટી.એસ. ફેઝ–ર નાં ભાગરૂપે સુરત–કામરેજ રોડ પર આવેલ સવજી કોરાટ જંકશન પર ર × ૩ લેન ફલાય ઓવર બ્રીજ બનાવવાનાં કામે તેમજ વિશ્વકર્મા જંકશન જે પુણા ગામ પાસે આવેલ છે જયાં બી.આર.ટી.એસ. ફેઝ–૧ નાં કેનાલ કોરીડોરને ક્રોસ કરતાં મીડલ રીંગરોડ પર ર × ર લેન ફલાય ઓવર બ્રીજ બનાવવાનાં કામે કન્સલ્ટન્ટ તરીકે મલ્ટીમીડીયા કન્સલ્ટન્ટ પ્રા. લી., અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ છે.

**(C)** પ્રમુખ પાર્ક સોસાયટી, ભેદવાડ અને ડીંડોલીને જોડતો રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનાં કામે તેમજ ઉત્રાણ રેલ્વે સ્ટેશન પાસે આવેલ હયાત રેલ્વે ગરનાળા નં.૪પ૪ (મનિષા ગરનાળા) ઉપર અમરોલી–ઉત્રાણને જોડતાં ૩૬.૦ મી. નાં ટી.પી./ડી.પી. રોડ ઉપર રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનાં કામે કન્સલ્ટન્ટ તરીકે કસાડ કન્સલ્ટન્ટ, અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ છે.

**(D)** અન્ય બ્રીજની કામગીરી માટે ટૂંક સમયમાં કન્સલ્ટન્ટશ્રીઓની નિમણૂંક કરી કામગીરી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | પ્રોજેકટનું નામ | અંદાજીત રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | સુરત–નવસારી રોડ (૧૦.૨ કિ.મી.) | ૧૩૩.૧૦૧ |
| ૨ | ડુમસ રીસોર્ટ–સરથાણા જકાતનાકા રોડ (વાયા–કેનાલ રોડ) (૧૯.૭ કિ.મી.) | ૨૫૯.૬૧૦ |
| | – ડુમસ રીસોર્ટથી ખરવરનગર જંકશન | |
| | – ખરવરનગર જંકશનથી સીમાડા જંકશન | |
| | – સીમાડા જંકશનથી સરથાણા | |
| ૩ | બ્રીજ, ફલાય ઓવર અને ROB (૨ × ૪ લેન) | |
| | – ખરવરનગર ફલાય ઓવર બ્રીજ | ૧૫.૭૪૮ |
| | – સુરત–બારડોલી રોડ આઈમાતા જંકશન ફલાય ઓવર બ્રીજ | ૨૭.૪૦૩ |
| | – ખરવરનગર ખાતે આવેલ ખાડી પરનાં હયાત બ્રીજને પહોળા કરવાનું કામ. | ૨.૪૫૮ |
| ૪ | પેડેસ્ટ્રીયન સબ–વે (૫) | ૬.૨૫ |
| ૫ | બસ સ્ટોપ્સ (૩૩) | ૯.૯૦ |
| ૬ | બસ ટર્મિનલ્સ અને ડેપો (૩) | ૨.૨૫ |
| ૭ | ઈન્ટરચેંજીસ અને સ્ટેશન (૫) | ૨.૩૦ |
| ૮ | ITS એપ્લીકેશન | ૧૦.૦૦ |
| | **કુલ** | **૪૬૯.૦૨** |

## **મંજુર થયેલ પ્રોજેકટની રકમ :–**

| અ.નં. | કામનું નામ | ટેન્ડર રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | સુરત–નવસારી રોડને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૭૮.૨૧ |
| ૨ | સુરત–ડુમસ રીસોર્ટ કલ્બથી ખરવરનગર સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૮૬.૭૦ |
| ૩ | સીમાડા જંકશનથી સરથાણા સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૩૪.૭૨ |
| ૪ | સુરત–નવસારી રોડ પર ખરવરનગર જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | ૩૪.૩૭ |
| ૫ | સુરત–બારડોલી રોડ પર આઈમાતા જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | ૪૨.૭૯ |
| ૬ | BRTS રૂટ પર ખરવરનગર ખાતે આવેલ ખાડી પરનાં હયાત બ્રીજને પહોળા કરવાનું કામ. | ૧૬.૪૭ |
| ૭ | ખરવરનગર જંકશનથી સીમાડા જંકશન સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૬૯.૩૦ |
| | **કુલ** | **૩૬૨.૫૬** |

સદરહુ પ્રોજેકટમાં પ્રોજેકટ મેનેજમેન્ટ સર્વિસ પૂરી પાડવા Project costqactual cost (જે વધુ હોય) તેના ૩.૪૫ % ની ફી ચૂકવવાની શરતે PMS સેવા પૂરી પાડવા UMTC (દિલ્હી)ને નિમણૂંક આપવામાં આવેલ છે.

**બી.આર.ટી.એસ. (JNNURM સ્કીમ હેઠળ) સને ૨૦૧૧–૧૨ માં ચાલુ કામગીરી હેઠળ નીચે મુજબનો ખર્ચ થયો છે :–**

| **અ.નં.** | **BCNT** | **GLAC** | **પ્રોજેકટનું નામ** | **તા.૩૧/૦૩/૧૨ સુધીમાં થયેલ ખર્ચ (રૂા. કરોડમાં)** |
|---|---|---|---|---|
| ૧ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૧ | સુરત–નવસારી રોડને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૩૬.૦૪ |
| ૨ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૫ | સુરત–નવસારી રોડ પર ખરવરનગર જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | ૩૧.૫૦ |
| ૩ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૫ | સુરત–બારડોલી રોડ પર આઈમાતા જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | ૩૨.૨૯ |
| ૪ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૪ | BRTS રૂટ પર ખરવરનગર ખાતે આવેલ ખાડી પરનાં હયાત બ્રીજને પહોળા કરવાનું કામ. | ૧૬.૦૨ |
| ૫ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૧ | ડુમસ રીસોર્ટ કલ્બથી ખરવરનગર સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૪.૯૪ |
| ૬ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૧ | સીમાડા જંકશનથી સરથાણા સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૭.૩૫ |
| ૭ | ૫૧ | સી.૭૭૧ ૫૬૬૧ | ખરવરનગર જંકશનથી સીમાડા જંકશન સુધીનાં રસ્તાને BRTS કોરીડોર તરીકે વિકસાવવાનું કામ. | ૨.૪૬ |
| | | | **કુલ ખર્ચ (કરોડમાં)** | **૧૩૦.૬૦** |

સુરત મહાનગરપાલિકાનાં સંપૂર્ણ બજેટ અંગેની માહિતી પુસ્તિકા હિસાબી શાખામાંથી મળી શકશે. સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.